# થરાદ નગરપાલિકાની લાપરવાહી ગટરનું ગંદુ પાણી રોડ પર ફરી વળ્યું

થરાદ, તા. ૧૩

થરાદ નગરપાલિકાની લાપરવાહીના કારણે થરાદ સીટીના લોકોને વારંવાર મુશ્કેલીઓનો સામનો રહ્યા છે. થરાદ શહેરમાં ઠેકાણે ઠેકાણે કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. જેમાં શાકમાર્કેટ વિસ્તારમાં તો જાણે કચરો અને પ્લાસ્ટિકની થેલીઓ નાખવાનો



વિસ્તાર જ હોય તેવું લાગી રહ્યું છે અને આવું પ્લાસ્ટિક ખાઈને કેટલીય ગાયોના પણ મોત થઈ ચૂક્યાં છે. તો જોવું એ રહ્યું કે સું તંત્ર હવે આ અંગે ધ્યાન દોરશે કે કેમ?

થરાદ પાલિકા વિસ્તારની રોજની વધતી જતી ગટરની રાડો વચ્ચે આજ રોજ નજરમાં આવી રહી આ ટેલિફોન એક્સચેન્જ જોડેથી પસાર થતી ભૂગર્ભ ગટરનું પાણી રસ્તા પર ફરી વળતા જે જગ્યાએ પાણી ફરી વળ્યું છે એ

કરવો પડી રહ્યો છે. જેમાં ખાસ કરીને તો ગટરના કામમાં તો લાલીયાવાડી સામે આવી રહી છે.

થરાદ નગરપાલિકા વિસ્તારમાં રોજની પાલિકાની રાડો ઉઠવા પામી છે. જેમાં ખાસ કરીને સરકારની સ્વચ્છતા અભિયાનના તો થરાદમાં સરેઆમ ધાજીયા ઉડીરહ્યા છે. એક તરફ સરકાર સ્વચ્છતા અભિયાનના નામે કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે તો બીજી તરફ થરાદ પાલિકા વિસ્તારમાં આ સ્વચ્છતા અભિયાનના સરેઆમ ધાજીયા ઉડી

રસ્તો તૂટેલો હોવાથી રાહદારી અને વાહન ચાલકોને પરેશાની ભોગવવી પડે છે અને ગટર બાબતે તો કેટલીયવાર શહેરજનોએ લેખિત અને મૌખિક ફરિયાદો પણ તંત્રને કરવા છતાં પણ તંત્રની ઉંઘ લોકોની ઊંઘ બગાડી રહ્યું છે હમણાં થોડા સમય પહેલાં એક વૃધા ગટરના ખુલા ઢાંકણાના કારણે ગટરમાં પડી હતી અને ગંભીર રીતે ઘાયલ પણ થઈ હતી અને આ બાબતે વારંવાર રજુઆત કરવા છતાં તંત્ર ભર નીંદરમાં છે.

# પ્રાંતિજ ખાતે ગૌશાળાના લાભાર્થે લોક ડાયરો યોજાયો



પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ શ્રી રાંદલ-મહાકાલી મંદિર ખાતે મંગલોદય સેવા પ્રતિષ્ઠન સંચાલિત કામધેનુ ગૌશાળાના લાભાર્થે લોક ડાયરાનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ તથા તાલુકામાંથી ડાયરાનો આનંદ માણવા લોકો ઉમટી પડયા હતા.

હિન્દુ ધર્મમાં ગાયને માતા તરીકે ઓળખવામાં આવે છે અને જેને લઈને પ્રાંતિજ ખાતે આવેલ કામધેનું ગૌશાળાના મહંત સુનિલરાસજી મહારાજ દ્વારા એક શામ ગાય માતા કે નામ સાંસ્કૃતિક ધાર્મિક લોક ડાયરાનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. સ્વામી ગૌરાંગ શરણદેવાચાર્ય, ડૉ. એન. કે. ડેરિયા, વિજયભાઈ પટેલ, જમનાદાસભાઈ વકીલ, જાયન્ટસ ગૃપ પ્રાંતિજ તથા વિશ્વ હિન્દુ પરિષદના સભ્યો કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમને ઉપસ્થિત મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. લોક કલાકાર નવલદાન ગઢવી, સાગર નાયક, અબ્બાસ મનસુરી સહિતના સાથી કલાકરો દ્વારા તેમના મધુર કંઠના અવાજ થી ડાયરાનો આનંદ માણવા આવેલ સર્વ કોઈ પ્રક્ષકોના દિલ જીતી લીધા હતા. પ્રેક્ષકો દ્વારા પણ કામધેનુ ગૌશાળામાં દાન સ્વરૂપે દાન કરી કલાકારોની કદર કરવામાં આવી હતી. કલાકારોએ પણ પ્રેક્ષકોને પ્રોગ્રામની શરૂઆતથી પ્રોગ્રામના એન્ડ સુધી તેમના મધુર કંઠથી જકડી રાખ્યાં હતા.

# પાલનપુર સિમલાગેટ વિસ્તારમાં વેપારીઓ વચ્ચે મારામારી



પાલનપુર, તા. ૧૩

પાલનપુર શહેરના સિમલાગેટ વિસ્તારમાં શાકભાજી વેચવાના મુદ્દે વેપારીઓ વચ્ચે મારામારી થઈ હતી. જેમાં લાકડી વડે હૂમલો કરવામાં આવતાં એક યુવકને ઈજા થવા પામી હતી. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પાલનપુરમાં સિમલાગેટ વિસ્તારમાં રેલવે સ્ટેશન તેમજ નગરપાલિકાને સાંકળતા માર્ગની બંને બાજુ વેપારીઓ દ્વારા શાકભાજી, ફળોની લારીઓ ઉભી રાખવામાં આવે છે. આ ઉપરાંત પાથરણા પાથરીને પણ વેપાર કરવામાં આવી રહ્યો છે. જેના કારણે અવાર-નવાર ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. પોલીસ દ્વારા રોજ બરોજ કાર્યવાહી કરવામાં આવતી હોવા છતાં સમસ્યા ઠેરનીઠેર છે. ત્યારે ગતરોજ વેપારીઓ વચ્ચે મારામારી થવા પામી હતી. જેમાં લાકડી વડે હૂમલો કરવામાં આવતાં એક યુવકને ઈજા થવા પામી હતી. જેને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. આ ઘટનામાં લારીઓમાંથી આદુ, લીલી હળદર સહિતના શાકભાજી વેરણ- છેરણ થઈ ગયા હતા. ઘટનાને પગલે લોકોનું ટોળુ એકત્ર થઈ ગયું હતુ. અને સમગ્ર વિસ્તારમાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.



ટ્રાફિક અવેરનેશ : મહેસાણા જિલ્લાના બહુચરાજી ખાતે આજે પોલીસ, ટીઆરબી તેમજ સુઝુકી મોટર્સના સંયુક્ત સહયોગથી ટ્રાફિક અવેરનેશ કાર્યક્રમનું આયોજન કરાયું હતુ. આ પ્રસંગે માર્ગો પરથી પસાર થતાં વાહન ચાલકોને ટ્રાફિક નિયમન અંગે માર્ગદર્શન તેમજ ગુલાબનું ફુલ આપવામાં આવ્યા હતા. ઉપરાંત જરૂરિયાતવાળા વાહનોને રિફલેકટર લગાડવામાં આવ્યા હતા.

**હિંમતનગરમાં મહિલાના ગળામાંથી અજાણ્યો શખ્સ**

# ૧.૫ લાખનું મંગળસૂત્ર અને સોનાનો દોરો લૂંટી ગયો

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ સુર્યોદય સોસાયટીના નાકેથી પસાર થતી એક મહિલાના ગળામાંથી બાઈક પર આવેલ અજાણ્યો શખ્સ રૂ. ૧.૫ લાખનું મંગળસૂત્ર અને સોનાના દોરાની લૂંટ કરી ભાગી ગયો હતો. જે અંગે મહિલાએ શુક્રવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે સુર્યોદય સોસાયટીમાં રહેતા મંગુબેન ઈશ્વરભાઈ પટેલના જણાવ્યા મુજબ શુક્રવારે તેણી બપોરના સુમારે સોસાયટીના નાકેથી પસાર થતા હતા ત્યારે બાઈક પર આવેલ બે અજાણ્યા શખ્સ પૈકી પાછળ બેઠેલા એક શખ્સે મંગુબેનના ગળામાં હાથ નાખી તેમને પહેરેલ બે તોલા સોનાનો દોરો તથા સવા ત્રણ તોલાનું સોનાનુ મંગળસૂત્ર તોડીને ભાગી ગયો હતો. જેથી મંગુબેને બુમાબુમ કરવા છતાં બાઈક પર આવેલા શખ્સ ભાગી ગયા હતા. ત્યારબાદ મંગુબેને હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશળનમાં ફરીયાદ નોંધાવી હતી.

# આપણું મોડાસા પરિવારે મુકબધીર બાળકોને ઉંધીયું-જલેબી ખવડાવી ખુશીના પતંગ ઉડાડ્યા



મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સોશ્યલ મીડિયા થકી સેવાકીય પ્રવૃત્તિ કરતા ''આપણું મોડાસા'' પરિવાર દ્વારા સતત પાંચમા વર્ષે ઉત્તરાયણ પર્વ નીમીત્તે મોડાસા શહેરની લાયન્સ ક્લબ સોસાયટી સંચાલિત વા.હી.ગાંધી બહેરા મૂંગા શાળાના ૧૦૦ થી વધુ બાળકોને ઉંધીયું-જલેબી પીરસીને બહેરા-મૂંગા બાળકો સાથે ઉત્તરાયણ પર્વની ઉજવણી કરતા બાળકોમાં ચહેરા પર ખુશીના પતંગો ઉડ્યા હતા. ''આપણું મોડાસા'' પરિવારમાં ચાલુ સાલે મહિલા સદશ્યો પણ આ ભગીરથ સેવા કાર્યમાં જોડાયા હતા.

# તલોદ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ ઉજવાયો



તલોદ, તા. ૧૩

ગુજરાત સરકારના પતંગ મહોત્સવના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લાકક્ષાનો પતંગ ઉત્સવ તલોદ શેઠ એચ.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ ખાતે સવારે ૯.૩૦ કલાકે પતંગ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા સાંસદ દિપસિંહ રાઠોડ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. જે યોજાયેલ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં વીસથી વધુ દેશો અને ભારતના જુદા જુદા રાજ્યના મળી ત્રીસથી વધુ પતંગબાજોએ અવનવી વેરાયટીના પતંગો ઉડાડ્યા હતા.

આ પ્રસંગે તલોદ કોલેજ સહિત નગરની શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા ટ્રેડીશનલ ડ્રેસમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. જેને નિહાળવા માટે તલોદ નગર તેમજ ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનો મોટી સંખ્યામાં સૌ પ્રથમવખત યોજાયેલ આપતંગ મહોત્સવની મજા માણવા મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, પ્રાંતિજ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, નગરપાલિકા પ્રમુખ વિનોદભાઈ પટેલ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# લીંબોદરા ગામે લાયન્સ પરીવાર મોડાસા દ્વારા સ્વેટર વિતરણ સમારોહ




લીંબોદરા, તા. ૧૩

તાજેતરમાં અરવલ્લી જિલ્લાના લાયન્સ પરીવાર મોડાસા તથા લાયન્સ ક્લબ મેઘરજ ટ્રાયબલના સંયુક્ત ઉપક્રમે લિંબોદરા પ્રાથમિક શાળામાં સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે ડૉ. ટી.બી. પટેલ, લેડી કેબીનેટ ટ્રેઝરરી, કે.આર. ખેર, ગીતા ભાષ્યકાર હાજર રહ્યા હતા. જેમાં આ તમામ સ્કૂલના બાળકો માટેના સ્વેટરના દાતા જ્યોતીબેન ટી. પટેલ પણ હાજર રહ્યાં હતા અને તેમને લીંબોદરા સ્કૂલના દરેક વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કર્યા હતા અને આ કાર્યક્રમના આયોજક દીપકુમાર (લાયન્સ ક્લબ મેઘરજ પ્રમુખ) લાયન્સ ક્લબ મોડાસા મંત્રી સુરેશ બી. પટેલ તથા લાયન્સ શક્તી પ્રમુખ ગુણવંતીબેન કંસારા, મંત્રી હેમલત્તાબેન પટેલ, લાયન્સ પ્રમુખ જયશ્રીબેન ઉપાધ્યાય તેમજ ટ્રેઝરર કાન્તાબેન શાહ તેમજ મેઘરજ ટ્રાયબલ ક્લબના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

# પદ્માવતી ફિલ્મનો વિરોધ કરનાર કાર્યકરોની અટકાયત

**પોલીટેકનીક ચાર રસ્તા પાસે ચક્કાજામ કરાતા મહાકાલ સેનાના પ્રમુખ અને ૧૫ના ટોળા સામે ફરીયાદ**

હિંમતનગર, તા. ૧૩

છેલ્લા કેટલાક સમયથી પદ્માવતી ફિલ્મમાં આવરી લેવામાં આવેલ સંવાદ અને દશ્યો બાબતે ક્ષત્રિય સમાજ નારાજ થયો છે. ત્યારે તાજેતરમાં મુંબઈમાં કરણી સેનાના કેટલાક કાર્યકરોની પોલીસે અટકાયત કરતા તેના વિરોધમાં શુક્રવારે હિંમતનગરની પોલીટેકનીક ચાર રસ્તા પાસે સાબરકાંઠા મહાકાલ સેનાના પ્રમુખ અને ૧૫થી વધુ કાર્યકરોએ વિરોધ દર્શાવી વાહનના ટાયર સળગાવી દઈ ટ્રાફીક જામ કરી દેતા તેમની વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધવામાં આવી હતી.

આ અંગે હિંમતનગર એ-ડીવીઝનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ વિજયસિંહ રજુસિંહ મકવાણાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ શુક્રવારે સાંજના સુમારે પદ્માવતી ફિલ્મના મામલે મુંબઈમાં કરણી સેનાના કેટલાક અગ્રણીઓની કરાયેલી અટકાયતના વિરોધમાં પોલીટેકનીક ચાર રસ્તા પાસે સાબરકાંઠા મહાકાલ સેનાના પ્રમુખ ભૃગવેન્દ્રસિંહ કુંપાવત તથા તેમની સાથે આવેલા ૧૫થી વધુ કાર્યકરોએ વાહનના ટાયર સળગાવી ટ્રાફીક જામ કરી દીધો હતો અને કલેક્ટરના જાહેરનામાનો ભંગ કર્યો હતો. તથા રોડના ટકાઉપણાને નુકશાન પહોંચાડ્યુ હતુ. જેથી વિજયસિંહ મકવાણાએ તેમની વિરૂદ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# ભિલોડામાં પતંગ - દોરીની ખરીદીમાં પતંગ રસીયાઓ ઉમટ્યા

ભિલોડા,તા.૧૩

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં ઉત્તરાયણ પર્વની પુર્વ સંધ્યાએ પતંગ-દોરીની પુર્વક ઉજવણી કરવા અવનવા રંગબેરંગી પતંગો અને દોરીની ખરીદી કરવા બજારોમાં ઉમટ્યા હતા ત્યારે બજારોમાં ઠેર-ઠેર ભારે ભીડ જોવા મળતી હતી પરંતુ



પતંગ દોરીનો ભાવ આસમાને પહોંચતાં પતંગ રસીયાઓ ભારે મુંઝવણમાં મુંકાયા હતા.

પતંગ-દોરીના હોલસેલ-રીટેલ સ્ટોલ ધારકોના જણાવ્યા મુજબ પતંગ-દોરીના વ્યવસાયમાં આ વર્ષે એકદંરે મંદીનો માહોલ જોવા મળ્યો હતો.સીઝનલ ધંધો કરતાં નાના-મોટા વેપારીઓ આખા વર્ષની રોજીરોટી મેળવતા સ્ટોલ ધારકોને નોટબંધીના પગલે પડતા ઉપર પાટુ મારવા જેવો

ખરીદીમાં પતંગ રસીયાઓ ઉમટ્યા હતા. બજારોમાં ઠેર-ઠેર કીડીયારા ઉભરાયા હતા. પતંગ-દોરીનો ભાવ આ વર્ષે આસમાને પહોંચતાં પતંગ રસીયાઓ મુંઝવણમાં મુંકાયા હતા. ભિલોડામાં ઉત્તરાયણ પર્વની પુર્વ સંધ્યાએ પતંગ-દોરીના ઠેર-ઠેર સ્ટોલ ઉપર પતંગ રસીયાઓની ભારે ભીડ જોવા મળતી હતી.

ભિલોડામાં ઠેર-ઠેર આ વર્ષે પતંગ-દોરીના સ્ટોલ ધારકોમાં મહદ્ અંશે વધારો જોવા મળ્યો હતો. હાર્દસમા બજાર વિસ્તારમાં ઠેર-ઠેર પતંગ-દોરીના સ્ટોલ વેપારીઓ ધ્વારા ઉભા કરવામાં આવતા ટ્રાફીકની ભયંકર સમસ્યા સર્જાઈ હતી પરંતુ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓએ આંખ આડા કાન કર્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.

પતંગ રસીયાઓ ઉત્તરાયણ પર્વની ધામધુમ

હાલ સર્જાયો હતો.ઉત્તરાયણની પુર્વ સંધ્યાએ છેલ્લી ઘડીએ પતંગ-દોરી, ગોગલ્સ, બેન્ડએઈડ, અવનવી ટોપીઓ, ભુગળાઓ, પીપુડીઓ સહિત વિવિધ ચીજવસ્તુઓની ખરીદી માટે બજારોમાં ભારે ભીડ ઉમટી હતી. આજે મકરસક્રાંતી પર્વે પતંગોથી આકાશી યુધ્ધ જામશે. એ કાયપો છે. લપેટ... લપેટ...ના ગગનભેદીના અવાજોથી વાતાવરણ ગુંજી ઉઠશે. આકાશ રંગબેરંગી પતંગોથી છવાય જશે. ઉત્તરાયણના પર્વ નિમિત્તે પ્રજાજનો અગાશી ઉપર ફાફડા-જલેબીની સાથે-સાથે સ્વાદિષ્ટ ઉંધીયાની જયાફત માણશે.

ઉત્તરાયણના પર્વ નિમિત્તે દાન-પુણ્યનો વિશેષ મહિમા હોવાના કારણે ચીકી, કચરીયું, ઉંધીયુ, જલેબી, ફાફડા સહિત અવનવી વેરાયટીઓની પણ ધુમ ઘરાકી બજારોમાં જોવા મળતી હતી.

# મહિલા મંડળ પાસે ૪ વર્ષીય બાળકી ગટરમાં ખાબકી

**સ્થાનિક રહીશોએ રેસ્ક્યુ કરી બાળકીને બચાવી**

પાલનપુર, તા. ૧૩

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની ઘોર બેદરકારીના



પાપે મહિલામંડળ સામે એક ૪ વર્ષીય બાળકી ખુલ્લી ગટરમાં ખાબકી હતી. પાલિકાનું નઘરોળ તંત્ર ન ફરકતા અંતે સ્થાનિક લોકોએ બાળકીને હેમખેમ બહાર કાઢી હતી. જેને ઈજા થતા સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાઈ હતી.

ઘટનાસ્થળેથી પ્રાપ્ત વિગતો મુજબ, ધનિયાણા ચોકડી પાસે આરતી સોસાયટીમાં રહેતી કૃષિ રાકેશભાઈ પટેલ નામની ૪ વર્ષીય બાળકી મહિલા મંડળ પાસે બાલમંદિરમાં આવી હતી. જે રિક્ષામાંથી ઉતરતા રસ્તા પર રહેલી ઊંડી ખુલ્લી ગટરમાં ગરકાવ થઈ ગઈ હતી. ઘટનાને પગલે લોકોના ટોળેટોળાં એકત્ર થઈ ગયા હતા. જોકે, પાલિકાનું નઘરોળ તંત્ર ઘટનાસ્થળે ન ફરકતા સ્થાનિક લોકોએ જ રેસ્ક્યુ હાથ ધર્યું હતું. અને બાળકીને બહાર કાઢવામાં આવી હતી. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલમા ખસેડાઈ હતી.

જોકે, ઘટનાસ્થળે ઉપસ્થિત લોકોએ પાલનપુર નગરપાલિકાની ગુન્હાહિત બેદરકારી સામે ભારે ફિટકારની લાગણી વરસાવી હતી.

# ભિલોડા તાલુકાના રીંટોડા ગામના સીમવિસ્તારમાંથી નવજાત શીશુ મળી આવ્યું

ભિલોડા,તા.૧૩

હળહળતા કળીયુગમાં પોતાનું પાપ છુપાવવા નવજાત શીશુને કોઈ પણ જાતની ફીકર કર્યા વગર મહિલાએ નધણીયાતુ મુકી દેતાં ફીટકારની લાગણી લોકો વરસાવતાં હતા.



લગ્ન જીવનના વર્ષો બાદ અમુક નવદંપતીઓ જેને સંતાન હોતા નથી તેવા નવદંપતીઓ પથ્થર એટલા દેવ પુજતા હોય, બાધા આખડીઓ રાખતા હોય ત્યારે ૨૧મી સદીના હાઈટેક યુગમાં ગાયનેક ર્ડાકટરો ધ્વારા અથાગ પ્રયત્નો કરવા છતાં પણ ઘણા નવદંપતીઓને સંતાન પ્રાપ્તીનું સુખ નસીબમાં લખ્યું હોતું નથી ? ત્યારે સંતાન પ્રાપ્તીનું સુખ મેળવી શકતા નથી.

ભિલોડા તાલુકાના રીંટોડા ગામના સીમવિસ્તારમાંથી ત્યજી દેવાયેલું જીવીત તંદુરસ્ત નવજાત શીશુ મળી આવ્યું છે. રીંટોડા ગામના ખેતરના સીમાડે શેઢા ઉપર ફુલગુલાબી કાતીલ તીવ્ર ઠંડીમાં ગત રોજ સમી સાંજે થર-થર ધ્રુજતું અને ધ્રુસ્કે-ધ્રુસ્કે રડતા બાળકનો અવાજ સંભળાતાં ખેડુતો અને લોકો એકત્રીત થઈ ગયા હતા. રીંટોડા ગામના એક ખેડુતે ૧૦૮ નો ટેલીફોનિક સંપર્ક સાધતાં ૧૦૮ એમ્બ્યુલન્સ વાન ઈ. એમ. ટી. અને પાયલોટ તાબડતોબ રીંટોડા ગામમાં પહોંચી ગયા હતા. તંદુરસ્ત બાળક (બાબો) જેનો કબજો મેળવી કોટેઝ હોસ્પિટલ લઈ આવ્યા હતા. રીંટોડા ગામમાંથી નવજાત શીશુ મળી આવ્યું હોવાની વાત વાયુવેગે પ્રસરી જતાં બાળકને જન્મ આપનાર નવદંપતી ઉપર લોકો ફીટકારની લાગણી વરસાવતાં હતા. નવજાત શીશુ બાળકને દત્તક રાખવા માટે અનેક લોકો રસ દાખવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ભિલોડા કોટેઝ હોસ્પિટલ અધિક્ષક ર્ડા. દિનેશભાઈ ડી. ડામોરએ જણાવ્યુંહતુંકે નવજાત બાળક એકદંરે તંદુરસ્ત છે પરંતુ હાલ સારવાર હેઠળ છે.